સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

હવે ચોરી લૂંટફાટનો ભાર તમારા પર છે,
ને નેતાશ્રીના આહારનો ભાર તમારા પર છે,
બૂટલેગર બચાવનો ભાર તમારા પર છે,
પ્રજા-બધા જ બંદોબસ્તનો ભાર તમારા પર છે.
(પોલીસ દિક્ષા પ્રવચન)

હાઈકુ

રાખો 'સુરક્ષા'
'યેનકેન' પ્રકારે
ઉપાડો 'ભાર'

જનહિતમાં
કરો લીલાલહેર
સોંપ્યું ખેતર!

ચિંતન

અગ્ના રયિમશ્નવત પોષમેવ દિવે દિવે ।
યશસં વીરવત્તમમ્ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

આપણે ઈશ્વરે બનાવેલા નિયમો અનુસાર જ ધન કમાઈએ, બેઈમાની પૂર્વક ધન કમાવાથી દૂર રહેવું જોઈએ. અયોગ્ય રીતે કમાયેલું ધન આપણે ન રાખીએ. ધર્મયુક્ત રીતે ધન કમાઓ અને ધર્મના કાર્યોમાં તેને વાપરો. માનવીની શક્ય એટલા વધુ પુરુષાર્થથી વધારે ને વધારે ધન કમાવાની વૃત્તિને બિરદાવી પણ છે. તેના દ્વારા મનુષ્યને ઐશ્વર્ય તથા ધનવૃદ્ધિનું વરદાન પણ પ્રાપ્ત થાય છે. જેના માટે જ્ઞાન અને કૌશલ્ય હોવાં પણ જરૂરી છે. જ્ઞાન દ્વારા માર્ગદર્શન કે પ્રેરણા મળે છે તથા કૌશલ્ય દ્વારા ધનમાં વૃદ્ધિ થાય છે. કોઈ વિશિષ્ટ કાર્ય માટે અનુભવયુક્ત હોશિયારી ને કૌશલ્ય કહેવામાં આવે છે. આ કુશળતા જ સમૃદ્ધિ પ્રાપ્ત કરવાનો માર્ગ-મોકળો બનાવે છે.

વેદો દ્વારા નિર્દેશ આપવામાં આવે છે કે મનુષ્યે ધર્મ અનુસાર આચરણ કરીને જ પ્રબળ પુરુષાર્થ વડે ધન મેળવવાના પ્રયત્ન કરવો જોઈએ. આવું ધન જ પવિત્ર હોય છે. તેના દ્વારા મનુષ્યને સુખ, શાંતિ અને સંતોષ પ્રાપ્ત થાય છે. ઈમાનદારીની કમાણી જ શુભ ફળ આપે છે.

સુવિચાર

- જરૂરી નથી બધે તલવારો લઈને ફરવું ધારદાર ઈરાદાઓ પણ વિજેતા બનાવે છે - **બોધિવૃક્ષ**
- ખૂબી એકલા ઝઝૂમવામાં છે, પછી ભલે વિરોધી એક હોય કે અનેક - **ગાંધીજી**
- ગુરુને ત્યાં દરવાજા હોય છે, દીવાલો હોતી જ નથી - **મોરારિ બાપુ**
- શિવ કહે છે કે હું ઐશ્વર્યથી ભરી દઈશ, પણ આ ઐશ્વર્ય એકવાર ભસ્મ થઈ જવાનું છે - **ઓશો**
- ત્રણ રીતે કર્મયોગ બને... નીતિથી કર્મ કરો, રીતિથી કર્મ કરો, પ્રીતિથી કર્મ કરો - **જીવન પાથેય**
- જો તમારા વખાણ થઈ રહ્યા હોય તો ખુશ થવાની નહીં પણ વધારે સાવધાન થવાની જરૂર છે - **ચાણક્ય**
- આજનું ઔષધ : વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો અજમો અને સફેદ તલ ભેગા કરી ચપટી સવાર-સાંજ ખાવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક વખત સૂફી સંત હસન બસરી વહેલી સવારે દરિયા કિનારે ચાલવા નીકળ્યા. એમને જોયું કે એક પુરુષ એક સ્ત્રીના ખોળામાં માથું નાખીને સૂઈ રહ્યો હતો. બાજુમાં દારુની એક ખાલી બોટલ પડી હતી. સંતે વિચાર્યું કે સવાર-સવારમાં આ માણસ દારૂ પીને સ્ત્રીના ખોળામાં મૂકીને પ્રેમાલાપ કરે છે. એ જ ક્ષણે સમુદ્રમાંથી કોઈએ બચાવો બચાવોની બૂમ પાડી. સંતને તરતા આવડતું ન હતું. પેલો પુરુષ ઊંઘમાંથી જાગ્યો અને ડૂબતા માણસને બચાવીને કિનારે લઈ આવ્યો. સંતને થયું કે આ માણસને સારો ગણવો કે ખરાબ ? એમણે પેલા પુરુષને પાસે જઈ પૂછ્યું, 'ભાઈ તમે કોણ છો? અને અહીંયા શું કરો છો.'

પેલા પુરુષે કહ્યું, 'હું એક માછીમાર છું, માછળી પકડવા દિવસો સુધી સમુદ્રમાંથી વહેલી સવારે પહોંચ્યો છું. આ મારી માતા છે જે મને લેવા માટે સામે આવી હતી. સાથે ઘેર બીજું કોઈ વાસણ ન હોવાથી આ દારૂની બોટલમાં ઘેરથી પાણી ભરીને લાવી હતી. ઘણા દિવસોનો થાક હતો અને સવારની આ ઠંડક હતી એટલે પાણી પીને મારી માતાના ખોળામાં માથું રાખીને થાક ઉતારવા અહીંયા જ સૂઈ ગયો છું.'

સંત હસનની આંખમાં આંસુ આવી ગયા કે હું પણ કેવો માણસ છું જે કંઈ જોયું એ બાબતમાં કેવા ખોટા વિચારો કરવા લાગ્યો. જયારે હકીકત કંઈક જુદી જ નીકળી.

ન્યાયપાલિકાને જ તપાસ એજન્સીઓ પર વિશ્વાસ નથી

તંત્રીસ્થાનેથી...

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્ટેલિજન્સ (સીબીઆઈ) અને આઈબી જેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓ માત્ર અને માત્ર કેન્દ્ર સરકારના ઈશારે જ કામ કરે છે. કહેવા પૂરતી એ 'સ્વાયત્ત' છે, પણ મહદંશે સરકાર પોતાના વિરોધીઓને વશ કરવા માટે જ એમનો ઉપયોગ કરે છે એ હકીકત હવે કોઈથી અજાણ નથી રહી. રાજકીય પાર્ટીઓના આગેવાનોના માથે ડેમોકલીસની તલવારની જેમ આ ડાઘિયાઓની ધાક સતત રહ્યા કરે છે. કયારે મધરાતે કે વહેલી સવારે એના અધિકારીઓનું ધાડું બારણે ટકોરા મારી આબરૂના ધજાગરા કરી નાખશે એની ભવિષ્યવાણી નિષ્ણાત જયોતિષીઓ પણ કરી શકતા નથી. કોંગ્રેસ હોય કે ભારતીય જનતા પાર્ટી - જયારે પણ સત્તા પર આવી છે ત્યારે વિપક્ષી નેતાઓને સીધા રાખવા માટે અને જરૂર પડ્યે ગબડતી બહુમતી સાચવી લેવા માટે એણે આ હથિયારોનો દુરુપયોગ કર્યો જ છે. વયોવૃદ્ધ 'નેતાજી' (મુલાયમસિંહ) અને માયાવતીથી લઈ ગાંધી પરિવારની ત્રિપુટીની ઊંઘ હરામ કરવામાં આ એજન્સીઓએ સમય સમય પર ત્રાટકીને કેન્દ્રમાં જે કોઈ સરકાર હોય એના હાથના રમકડા તરીકે રોલ ભજવ્યો છે. એમના અધિકારીઓને 'વફાદારી' બદલ સરપાવ પણ મળતા રહ્યા છે. નિવૃત્ત થયા પછી કોઈ રાજયમાં એ રાજયપાલ બનતા રહ્યા છે. અથવા રાજકારણમાં પ્રવેશી રાજયસભાના સદસ્ય બની ગયા છે. ન્યાયપાલિકા આ બધી બાબતોથી અજાણ નથી પરંતુ હવે જાયરે એના પગ નીચે રેલો આવી ગયો છે. ત્યારે એના સર્વોચ્ચ વડાએ આ અંજરસાઆ ન્યાયાધીશોની વાત પણ સાંભળતી નહીં હોવાનું નિવેદન કરી સરકારને ટપારી છે. તાજેતરમાં ઝારખંડના ધનબાદમાં જિલ્લા ન્યાયાધીશ સવારે ફરવા નીકળ્યા હતા અને રસ્તાની ધાર પર સલામત રીતે જોગિંગ કરી રહ્યા હતા, વાહને એમને ટક્કર મારીને સ્વધામ પહોંચાડી દીધા હતા. શરૂઆતમાં તો એને એકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ થયો પણ સીસીટીવી ફૂટેજ જોતાં ઈરાદાપૂર્વક વાહન રસ્તો ચાતરીને ન્યાયાધીશને નિશાન બનાવી નીકળી જતું દેખાયું ત્યારે એ જાણી જોઈને કરેલી હત્યા હોવાનું સ્પષ્ટ થયું. ધનબાદ ખાણખનિજથી ધમધમતું કોલિયરી નગર છે. માથાભારે ગુંડાઓ સામે ન્યાયાધીશો કડક વલણ અપનાવેલ હોઈ એમને હંમેશને માટે શાંત કરી દેવાનો નિર્ણય થયો હશે. એ ઘટના પછી દેશભરના ન્યાયાધીશો ધ્રૂજી ગયા છે. ખુદ સર્વોચ્ચ અદાલતના મુખ્યા ન્યાયાધીશે સરકાર સામે ગુહાર લગાવી હતી કે આ આવા કિસ્સાઓમાં જયારે ન્યાયપાલિકા તરફથી સીબીઆઈ કે આઈબી સમક્ષ ફરિયાદ કરવામાં આવે છે ત્યારે એ કોઈ જ કાર્યવાહી કરતી નથી. એ માત્ર અને માત્ર સરકારના આદેશનો અમલ કરે છે. નીચલી કોર્ટોના ન્યાયાધીશો જયારે પોતાને મળતી ધાક ધમકીની જાણ આ એજન્સીઓને કરે છે ત્યારે એ કશો જ પ્રતિસાદ પાઠવતી નથી. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને આવી ટીકા કરવી પડી છે તો સૂચક છે. જો ન્યાયપાલિકાની ફરિયાદ ન સંભળાતી હોય તો સામાન્ય નાગરિકની તો કયાંથી સંભળાવાની છે ? આંધ્રપ્રદેશ, હાઈકોર્ટના જજોને લગતી વિવાદાસ્પદ પોસ્ટ ના મામલે સીબીઆઈએ સીજેઆઈ રમની ટિપ્પણી પછી પગલાં લીધાં છે. નહીંતર અત્યાર લગી ઘણા ન્યાયાધીશોની ફરિયાદો સામે આ એજન્સી નરાતળ દુર્લક્ષ જ સેવતી રહી છે. કેન્દ્ર સરકારના સીધા અંકુશ હેઠળની આ એજન્સીઓ જાણે એમનું એક માત્ર કામ કેન્દ્ર વિરુદ્ધ થતા કાર્યકલાપો પર જ ચાંપતી નજર રાખવાનું હોય એ રીતે વર્તતી રહી છે. પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીને એનો કડવો અનુભવ થયો છે એ જ રીતે શરદ પવાર જેવા વરિષ્ઠ વિપક્ષી નેતા સામે પણ આ એજન્સીઓ સકંજો કસતી રહી છે. કેજરીવાલ અને મનીષ સિસોદિયા હંમેશાં એના નિશાન પર રહ્યા છે. એટલું જ નહીં, સરકાર સામે ઊહાપોહ કરતા મીડિયાકર્મીઓ, પત્રકારો, લેખકો અને કલાધર્મીઓથી લઈ પ્રજાનિષ્ઠ લોકસેવકો એના ટાર્ગેટ બનતા રહ્યા છે. કોઈ વિપક્ષી નેતા સામે સીબીઆઈની તપાસ ચાલતી હોય અને બીજે જ દિવસે એ શાસક પક્ષમાં જોડાઈ જાય તો દૂધે ધોયેલો બની જાય છે. કેન્દ્ર સરકાર માટે આ એજન્સીઓ ભલે આશીર્વાદ રુપ બની રહેલ હોય પરંતુ લોકશાહીના નામ પર તો એ કલંક સમી જ બની રહી છે, જેનું પ્રમાણપત્ર ખુદ સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિને નાછૂટકે આપવું પડ્યું છે !

ખેલાડીને બધી સુવિધા મળે એ પછી એની પોતાની એક લક્ષ પ્રાપ્તિ માટેની, એક સંકલ્પ પૂરો કરવાની સતત પ્રજ્જવલિત જયોત પણ બહુ મોટો ભાગ ભજવે છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

રમતગમતની ઈન્ડોર કે આઉટદોર એવી કેટલીયે રમતો વિશે આપણે આજકાલ વાતો સાંભળીએ છીએ. કારણ ? જાપાનમાં રમાઈ રહેલી ટોકિયો ઓલિમ્પિક કોરોના મહામારીના કારણે આ વર્ષે ઓલિમ્પિક યોજાશે કે કેમ ? તે વિશે છેવટ સુધી લોકોને ઈન્તેજારી હતી પણ આખરે અહીં આ રમતોત્સવ યોજાયો અને ભારતના ખેલાડીઓએ આપણને આનંદ થાય એટલા મેડલ્સ મેળવ્યા.

મેડલ્સના જે પરિણામો આવી રહ્યા છે એમાં સાવ નાની વયે મેડલ મેળવનારા ખેલાડીઓની ઉંમર અને તાલીમ છે. ટોકિયો ઓલિમ્પિકમાં યુવા ખેલાડીઓએ બાજી મારીને તેમના દેશના જ નહિ, અન્ય દેશોમાં રમતપ્રેમીઓના પણ દિલ જીત્યા છે.

થોડા ઉદાહરણો પર નજર માંડીએ, આ વર્ષે જ દાખલ કરવામાં આવી છે સ્કેટ બોર્ડની રમત. હવે આ રમતમાં જાપાનની માત્ર ૧૨ વર્ષની (હા, ફરી વાંચો માત્ર ૧૨ વર્ષની) કોકોના હિરાકી નામની મહિમા ખેલાડીને સિલ્વર મેડલ મળ્યો છે. ઓલિમ્પિકસના છેલ્લા ૮૫ વર્ષના ઈતિહાસમાં આટલી નાની વયે કોઈ મેડલ જીતનાર ખેલાડી થવાના ગૌરવને સમગ્ર વિશ્વએ વધાવી લીધું.

આ જ રમતમાં ગોલ્ડ મેડલ મેળવનાર વળી જાપાનની જ દીકરી હતી, યોસોઝૂમી નામની એ ખેલાડીની ઉંમર માત્ર ૧૯ વર્ષની છે તો આ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવનાર બ્રિટનની સ્કાય બ્રાઉનની ઉંમર ૧૩ વર્ષની છે.

અન્ય રમતોમાં પણ ૧૩ વર્ષની આસપાસની વય ધરાવતા ખેલાડીઓ મેડલ જીત્યા છે. સ્વિમિંગમાં પણ માત્ર ૧૪ વર્ષની ડાઈવરે એક વિભાગમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.

પુત્રના કે પુત્રીના લક્ષણ પારણામાં એ કહેવતને સાચી પાડવા જ જાણે આવા રમતવીરોના માતા-પિતા અને એમનાં દેશનં વ્યવસ્થાતત્ર પોતાની સઘળી ક્ષમતા અને શક્તિ આવા ખેલાડીઓ ઉપર દાવમાં મુક્તા હશે. ૧૨-૧૩ વર્ષની ઉંમરે ઓલિમ્પિકમાં મેડલ જીતનાર ખેલાડીઓએ એમની આ ક્ષેત્રની રમતની તાલીમનો આરંભ વળી ક્યારથી શરૂ કર્યો હશે ? અને ઓલિમ્પિક માટેની તાલીમ પણ વર્લ્ડ કલાસ જ હોય ને!!! એનો ખર્ચ પણ એવોજ હશે ને !!! આ માટેની તમામ સુવિધા અને સગવડો જે તે દેશ એમને આપતું હશે ત્યારે જ આવી ચમત્કારીક ઘટનાઓ બનતી હશે.

ખેલાડીને બધી સુવિધા મળે એ પછી એની પોતાની એક લક્ષ પ્રાપ્તિ માટેની, એક સંકલ્પ પૂરો કરવાની સતત પ્રજ્જવલિત જયોત પણ બહુ મોટો ભાગ ભજવે છે. આ ઉંમરે બાળકો મોટાભાગે ઈલેક્ટ્રોનિકસ રમકડા અને મોબાઈલ સાથે જ સમય પસાર કરે છે ત્યારે આ એવા બાળકો છે જેમના ઉપર સઘળુ દાવ પર લગાવનાર માતા-પિતા, કોચ, અને દેશને તેઓ ગૌરવ અપાવે છે. ચમત્કારીરુપીને સંકલ્પ સિદ્ધિના દીવડા પ્રગટે છે ને અજવાળા રેલાય છે.

શંભુ શરણે પડી, માગું ઘડી રે ઘડી કષ્ટ કાપો...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

શંભુ શરણે પડી, માગું ઘડી રે ઘડી કષ્ટ કાપો..
દયા કરી દર્શન શિવ આપો...
તમે ભક્તોના દુઃખ હરનારા, શુભ સૌનું સદા કરનારા..
મારી મંદ મતિ, તારી અકળ ગતિ, કષ્ટ કાપો...
દયા કરી...
અંગે ભસ્મ સ્મશાનની ચોળી, સંગે રાખો સદા ભૂત ટોળી..
ભાલે તિલક કર્યું, કંઠે વિષ ધર્યું, અમૃત આપો...
દયા કરી...
નેતિ નેતિ જ્યાં વેદ વદે છે, મારું ચિતડું ત્યાં જાવા ચાહે છે..
સારા જગમાં છે તું, વસું તારામાં હું, શક્તિ આપો...
દયા કરી...
હું તો એકલપંથ પ્રવાસી, છતાં આતમ કેમ ઉદાસી..
થાક્યો મથી રે મથી, કારણ જડતું નથી, સમજણ આપો...
દયા કરી...
આપો દૃષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિમાં શિવરુપ દેખું..
મારા મનમાં વસો, આવી હૈયે વસો, શાંતિ સ્થાપો...
દયા કરી...
અંગે શોભે છે રુદ્ર ની માળા,કંઠે લટકે છે ભોરિંગ કાળા,
તમે ઉમિયાપતિ, અમને આપો મતિ કષ્ટ કાપો...
દયા કરી...
ભોળા શંકર ભવદુઃખ કાપો, નિત્ય સેવાનું શુભ ફળ આપો..
ટાળો માન મદા, ટાળો ગર્વ સદા, ભક્તિ આપો...
દયા કરી...

શ્રાવણ મહિનો આવે એટલે લગભગ આખો એક વર્ગ દૂધને વેડફતું બચાવવા માટે મેદાને પડે બાકીના ૧૧ મહિના સુતા રહેનારા બીજા કોઈ તહેવારમાં મોઢું ખોલવાની હિંમત ન કરનારા કહેવાતા સુધારાવાદીઓ આપણને સુફિયાણી સલાહ આપવા નીકળી પડે. whatsappની અંદર આવા મેસેજ આવે અને આપણે પાછા અજાણપણે બધા મેસેજ ફોરવર્ડ કરીએ. આપણી આસ્થા, આપણી માન્યતાઓ, આપણી ધાર્મિક પરંપરાઓ, વર્ષોથી આપણે અનુસરતા આવ્યા છીએ. જલાભિષેક અને દુગ્ધાભિષેક કરીને આ શ્રાવણમાં આપણે શિવમય બનીએ. મહાદેવને પૂજીએ, તેમાં કોઈને પેટમાં દુખવું જ ન જોઈએ પરંતુ છતાં જો કોકને ટાઢિયો તાવ આવે આવા ઘો. આપણે એની પળોજણમાં પડવું નહીં. મહાદેવ મહાદેવ કરીને ભોળાનાથની બને એટલી વધુ ભક્તિ કરતા રહેવી.

રુદ્રાભિષેક, શિવમહિમ્ન સ્તોત્ર, રુદ્રીપાઠ, દ્વાદશ જ્યોતિર્લિંગ મંત્ર માનસમંત્ર અને આ અદ્વિતીય ભજન શંભુ શરણે પડી... જેવી અસંખ્ય સ્તુતિઓ અને પ્રાર્થનાઓ કરવાનો આ અદભુત સમય છે. એક આખો મહિનો ઓછો પડે તેટલી ભક્તિ કરવાનો આ સમયે આવ્યો છે. સમાજમાં માનવ-માનવ વચ્ચે શિવસેતુ રચવાનો આ મોકો મળ્યો છે. કોરોનાકાળમાં માણસ-માણસથી જુદો પડ્યો હતો ત્યારે હવે પાછા યોગ્ય પરેજી પાળીને માસ્ક લગાવીને, થોડા દૂર પણ ઘણા પાસે એવી રીતે, શારીરિક અંતર જાળવીને પણ સામાજિક અંતર ઓછું કરવાનો આ સમયે આવ્યો છે. ઈશ્વર આપણને હંમેશા એની પાસે, તેની સમીપ બોલાવવાના રસ્તા અને મોકા આપતો જ રહે છે. શિવમય બનીને પુષ્પદંત વિરચિત શિવ મહિમ્નસ્તોત્રનો નાદ, મહામૃત્યુંજયના જાપ, બિલ્વપત્રની હારમાળાઓ શિવલિંગ પર ચઢાવતાં ચઢાવતાં નમઃ શિવાયનો જાપ કરીએ ત્યારે ચોક્કસપણે કૈલાસમાન સરોવર તરફની યાત્રા આરંભતા હોઈએ તેવો અનુભવ થાય છે.

જટાઓમાં ગંગા વહે છે તો ગળામાં વિશ છે. મસ્તક ઉપર ચંદ્ર છે તો ગળામાં સર્પ છે. ભારોભાર દ્વંદ્વ વચ્ચે જીવતા મનુષ્ય માટે આદર્શ ઉદાહરણરૂપ જીવન ભગવાન શંકરનું છે. સદાય નિર્લેપી, સમગ્ર માનવજાત અને ખાસ કરીને આપણી હિન્દુ પરંપરાઓમાં આપણે સર્જનહાર બ્રહ્મા પોષણકર્તા વિષ્ણુ અને સંહારક શંકરને માની લીધા છે પરંતુ ખરેખર તો તેના સ્થૂળ અર્થને ન જોતા તેના સૂક્ષ્મ અર્થને પામીએ તો શિવ એ આપણા અહંકાર, મદ, મત્સર, ઈર્ષ્યા વગેરે દુર્ગુણોના સંહારક છે.

ભગવાન શંભુ અને તેમનો આ શ્રાવણ મહિનો, તેમના બાર જ્યોતિર્લિંગ, કૈલાશ, અમરનાથ આ બધા તેમના ઉપસ્થિતિના દ્યોતક સ્થળો આપણને એક નવી ઊર્જા પૂરી પાડે છે. ઈશ્વરમાં આસ્થા રાખવા માટેના તેમના આ જે શક્તિકેન્દ્ર છે ઊર્જા કેન્દ્રો છે ત્યાં યાત્રા કરવાથી પ્રત્યેક મનુષ્ય નવચેતન પામે છે. આપણા ગાંધીનગરની આસપાસ ધોળેશ્વર મહાદેવ અને વાસણીયા મહાદેવ જેવાં પૌરાણીક શિવાલયો તેમજ ગાંધીનગરમાં પંચદેવ મંદિર અને વૈજનાથ મંદિર જેવા ભારોભાર ભક્તિથી છલકાતા શ્રદ્ધા કેન્દ્રો અસ્તિત્વમાં છે.

ચાલો શ્રાવણના મહિનામાં ભગવાન શિવને ફરી પાછી અરજ કરીએ કે જેમ સમુદ્રમંથન વખતે કોઈને ન ગમે તેવું વિષ નીકળ્યું તેને તમે તમારા ગળામાં અટકાવ્યું. તેવી જ રીતે આ સમગ્ર અમારી માનવજાત દ્વારા જ નિર્મિત કોરોનારૂપી કાળમુખો જે વાયરસ અત્યારે હાહાકાર મચાવી રહ્યો છે તેનું પણ જો તમે પાન કરી લો તો પૃથ્વીવાસી ફરી પાછી ચેતના પ્રાપ્ત કરી શકશે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

સજ્જનના મૌનનો અભિગમ દુર્જનોના દુષ્કૃત્યોનું બળ બને છે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

કહાં તક યે મન કો અંધેરે છલેંગે
ઉદાસી ભરે દિન કભી તો ઢલેંગે
કભી સુખ, કભી દુઃખ યહી જિંદગી હૈ
યે પતઝડ કા મૌસમ ઘડી દો ઘડી હૈ
નયે ફુલ, કલ ફીર ડગર મેં ખિલેંગે
ઉદાસી ભરે દિન કભી તો ઢલેંગે

૧૯૭૦ના દાયકામાં આવેલી ફિલ્મ 'બાતો બાતો મેં'ના આ મજાના ગીતમાં જીવન પ્રતિ અભિગમને અર્થસભર રીતે રજૂ કરવામાં આવ્યો છે. આમ પણ સર્જક બાસુલ્લદાના સર્જનમાં હંમેશા ક્યાંક ક્યાંક ગજબની કશીશ હોય. એમણે ગીતકાર યોગેશ દ્વારા શબ્દે શબ્દમાં જિંદગીના દ્રષ્ટીકોણની સચ્ચાઈને ઘૂંટી ઘૂંટીને આ ગીતમાં રજુ કરી છે. કિશોરદાના પહાડી અવાજમાં રાજેશ રોશનના સંગીતે આ ગીતને યાદગાર બનાવી દીધું. સાચી વાત તો એ છે કે, આ ગીતની યાદ તો 'અભિગમલ્ર શબ્દ ઉપરથી આવી.

ભગવત ગોમંડલ અનુસાર 'અભિગમ'નો અર્થ 'અભિ' એટલે પાસે અને 'ગમ' એટલે જવું, પાસે જવું. મુલાકાત-એવો અર્થ થાય. કોઈપણ વાતની પ્રત્યે નજીક જઈને મુલાકાત લેવામાં આવે એને અભિગમ કહેવાય. જરા હળવાશથી કહીએ તો, અભિગમ શબ્દને બે એકસ્ટ્રીમ વિચાર પૈકી નકારાત્મક વિચારોવાળો વ્યક્તિ માને છે કે, 'અભિ જિંદગી મેં બહોત ગમ હૈ...' અને હકારાત્મક વિચારોવાળો વ્યક્તિ હસતા મોંએ એમ કહે કે, 'અભિ જિંદગી મેં ગમ કા કોઈ સ્થાન હી નહીં...' ખેર આ તો એક હળવી વાત થઈ પરંતુ ખરેખર 'અભિગમલ્ર શબ્દ સ્વયં એક આખું આકાશનો ઉઘાડ આપે એવો સરસ શબ્દ છે.

વ્યક્તિની પોસ્ટ કે પાવરથી ક્યારેય કોઈ ફરક નથી પડતો. વ્યક્તિના અભિગમની તેના પોતાના અને તેની આસપાસના લોકો ઉપર અસર થતી હોય છે. એક પ્રતિષ્ઠિત ડૉકટર નવીનના અભિગમની વાત છે. આ તબિબ નગરનો જાણીતો ગાયનેકોલોજીસ્ટ. નગરના તેમ જ આસપાસના ગામડાઓના લોકોમાં ડૉ. નવીનનું ખૂબ માન અને નામ પણ. આ માન અને નામ એમના સૌહાર્દપૂર્ણ અભિગમના કારણે જ હતું. ઘણી વાર

એવુ બન્યું છે કે, કોઈ બહેનની ડિલીવરી કરાવ્યા બાદ એના પરિવારની આર્થિક સ્થિતિ સારી ન હોય ત્યારે હસતાં મોંએ ડૉ. નવીન કહી દે જેટલા પૈસા આપવા હોય એટલા આપી દે. ચાલશે. આવા તો અનેક પેશન્ટની પૈસાની તકલીફ ડૉ. નવીને ચપટીમાં દૂર કરી નાખી છે. ડો. નવીન જેવો એટિટ્યૂટ સંભવતઃ નાણાકીય નુકશાન જરૂર કરાવતો હશે પરંતુ વ્યક્તિના જીવનને અંદરથી ભર્યું ભર્યું બનાવી દેતો હોય છે. જ્યારે કોઈની તકલીફમાં મદદ કરવા માટે પોસ્ટ અને પાવરને બાજુએ મુકી દેવામાં આવે ત્યારે જીવનનું ખરું સત્ય પામી શકાતું હોય છે.

વ્યક્તિનો સકારાત્મક અભિગમ ગમે તેવી ફાલતુ વાતને પણ અર્થસભર ઘટના બનાવી નાખે છે. આઠ દસ કલાકની મુસાફરી હોય. ડ્રાયવર સતત ડ્રાઈવિંગ કરતો હોય ત્યારે ત્રણ-ચાર કલાક બાદ રસ્તામાં કોઈ હોટેલ ઉપર એને ચા પીવડાવીને ડ્રાયવરને બાજુમાં બેસાડીને અડધો કલાક થોડા કિલોમીટર સાહેબ જાતે ડ્રાઈવિંગ કરવા બેસે તો નવો એંગલ બની જતો હોય છે. સાહેબના આ વર્તનથી ડ્રાયવરને આરામ મળી જાય અને એના મનમાં સાહેબ માટે સન્માનની લાગણી અનેક ગણી વધી જાય. સાહેબને પણ થોડો ચેન્જ મળી જાય છે. આમ જોઈએ તો વાત તદ્દન નાની છે અને એનુ કોઈ ખાસ મહત્વ પણ નથી અને આમ જોઈએ તો જીવનના અગત્યના પદાર્થપાઠ શીખવતી અને જીવનના અભિગમના સત્યને ઉજાગર કરતી સમજવા જેવી આ વાત છે.

હરાકાત્મક અભિગમના વાહન ઉપર સવાર થઈને જ લાંબી મજલ કાપી શકાય. જીવન જીવવા માટેનો વ્યક્તિનો અભિગમ કેવો છે એ પ્રમાણે વ્યક્તિ આગળ વધતો હોય છે. જે ઉત્તમ ખેલાડી છે એની સાથે જીવન રમત પણ એવી જ શ્રેષ્ઠ રમે છે. દર્દ, પીડા, મુશ્કેલી બધાને લગભગ એક સરખી જ આવે છે. ફરક માત્ર એના રૂપ, રંગ અને સ્વરૂપનો હોય છે. કોઈ વ્યક્તિ મુશ્કેલીમાં હતાશ બની જાય તો કોઈ મુશ્કેલીમાં હકારાત્મક અભિગમ સાથે તપીને સોનું બનીને બહાર આવે.

કોઈપણ ઘટનાના મૂલ્યાંકન માટે બે દ્રષ્ટિકોણ બને. અભિગમના બે પ્રકાર હોઈ શકે. 'પલાશ જે રસ્તે જાય છે તે યોગ્ય નથી.' અથવા 'પલાશનો માર્ગ ખોટો છે.' આ બે વિચાર છે. પહેલો વિચાર હકારાત્મક અભિગમ ઉજાગર કરે છે. જ્યારે બીજો વિચાર નકારાત્મકતા દર્શાવે છે. અહીં સ્પષ્ટ એ રીતે થવુ પડે કે, અગત્યનું શું છે ? શબ્દો કે શબ્દ પાછળની વિચારધારા ? જેટલું વાંચીએ કે સાંભળીએ એ બધુ સો ટકા સાચું જ છે એવું માનવાનો અભિગમ પણ યોગ્ય નથી. વ્યક્તિની સામાન્ય બુદ્ધિ પ્રત્યેક દ્રષ્ટિકોણ ઉપર એપ્લાય થાય એ જરૂરી છે. સાચાને સાચુ અને ખોટાને ખોટું કહેતા જેને નથી આવડતું એના અભિગમમાં ક્યારેય સ્પષ્ટતા જોવા ન મળે. બન્ને બાજુ માન રાખવાનો અભિગમ યોગ્ય નથી. જરૂર પડે ત્યાં સ્પષ્ટ અભિપ્રાય આપવાનો અભિગમ જરૂરી છે. સજ્જનોનું મૌન દુર્જનોના દુષ્કૃત્યોને બળ આપે છે. આના પરિણામે દુર્જનને તેના ખોટા કાર્યોમાં વધુ ફાવટ આવી જતી હોય છે. જેમ સ્પષ્ટ અને પાકટ વિચારધારાવાળા અભિગમને કોઈ અહંકાર ન હોય એમ એને કોઈપણ પ્રકારની ગ્લાની પણ ન જ હોય. જીવનમાં સકારાત્મક બદલાવની અપેક્ષા હોય તો જીવનની દરેક ઘટનાઓ માટે સકારાત્મક અભિગમ કેળવવો કાફી છે.

ધબકાર :

ખુશી માટે કામ કરવામાં આવે તો ખુશી નહીં મળે પરંતુ ખુશ થઈને કામ કરવામાં આવે તો ખુશીની સાથે સફળતાનુ બોનસ મળે છે.